	જનસંપર્ક અધીકારી દ્વારા પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર (P.R.O.) ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩ કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦	

તા.૨૩/૦૪/૨૦૨૨ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં

આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- **સમાચાર યાદી નં.૭૧૮/૨૦૨૨**

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૨/૦૪/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ. નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૪૬	૦	૧૧૭૪૬	૧૭૮૫૨	૦	૧૭૮૫૨
૨	કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૩૭	૦	૧૩૭	૪૧૬	૦	૪૧૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૮૪૦૭૪	૦	૮૪૦૭૪	૮૫૦૪૪	૦	૮૫૦૪૪
કુલ		૧૦૦૬૯૦	૦	૧૦૦૬૯૦	૧૦૯૫૯૪	૦	૧૦૯૫૯૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૪	૪,૧૯,૪૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૦૧	૧૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશનઃ

મોટર સાયકલ ચોરીના આરોપીને ગણતરીની કલાકોમાં મુદ્દામાલ સાથે પકડી પાડતી ગુજરાત યુનિવર્સીટી પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ શ્રી રાજેન્દ્ર અસારી સાહેબ તથા I/C નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ બી.જે.પંડ્યા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "ખ" વિભાગ એલ.બી.ઝાલા સાહેબ અમદાવાદ શહેર નાઓએ અમદાવાદ શહેરમા બનતા મિલ્કત સબંધી ગુના બનતા અટકાવવા સારુ અવાર નવાર સુચનાઓ આપેલ હોય જે સુચના અન્વયે પોલીસ ઇન્સ્પેકટરશ્રી વિ.જે.જાડેજા ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન મુજબ સર્વેલન્સ પો.સબ.ઇન્સ. એ.આર.ચૌધરી નાઓની સુચનાથી પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ તથા પો.કો.શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.નં.૭૧૭૮ તથા પો.કો.અજીતસિંહ અભેસિંહ બ.નં.૯૯૪૭ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.ન-૧૧૧૯૧૦૧૭૨૨૦૩૩૨/૨૦૨૨ ધી.ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે આરોપીને ચોરીમાં ગયેલ યામાહા કંપનીની ફેઝર 25 મોડલની મો.સા.નં.GJ-05-PR-8673 સાથે પકડી પાડી તથા મુદ્દામાલ કબ્જે કરી તેમજ મો.સા.ની આગળ પાછળ RTO નંબર પ્લેટ લગાડેલ ન હોય પોકેટકોપ એપ્લીકેશન દ્વારા મો.સાનો નંબર મેળવી ગુનાના કામે મો.સા.કબજે કરી અત્રેના પો.સ્ટે.નો અનડીટેક્ટ ગુનો ગણતરીના કલાકોમાં ડીટેક્ટ કરી ગુજ.યુનિ.પોલીસે પ્રશંશનીય કામગીરી કરેલ છે.
આરોપીનુ નામ-. ઇશ્વર રુપલાલ કલાસવા (મીણા) ઉ.વ.૨૦ ધંધો.મજુરી રહે.મ.નં.૨૧/૨૦૮, ઇલોરા એપાર્ટમેન્ટ વિભાગ-૧, તુલીપ બંગલોની બાજુમાં, થલતેજ, અમદાવાદ શહેર મુળ વતન.ગામ.ખંડોરા ઇંટાલી-ખેડા તા.સલુમ્બર જી.ઉદેપુર રાજથાન મો.૭૨૯૬૯૮૦૭૪૭

કબ્જે કરેલ મુદ્દામાલ

યામાહા કંપનીની ફેઝર 25 મોડલની મો.સા.નં.GJ-05-PR-8673 જેની આગળ પાછળ RTO નંબર પ્લેટ નથી જે મો.સા.નો ચેસીસ નં. ME1RG4229H0004002 એન્જીન નં.G3H7E0027817 નો છે જેની હાલની કિ.રુ.૬૦,૦૦૦/-

શોધાયેલ ગુનો –

ગુજ.યુનિ.પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૭૨૨૦૩૩૨/૨૦૨૨ ધી ઈ.પી.કો કલમ ૩૭૯ મુજબ

કામગીરી કરનાર અધીકારી/કર્મચારીઓ:

(૧) પો.સબ.ઇન્સ. એ.આર.ચૌધરી (૨) પો.કો.વિક્રમસિંહ જોરસંગભાઇ બ.નં.૧૦૦૧૦ (૩) પો.કો શક્તિસિંહ મહેન્દ્રસિંહ બ.ન-૭૧૭૮ (૪) પો.કો.અજીતસિંહ અભેસિંહ બ.નં.૯૯૪૭ (૫) પો.કો.સહદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૦૨૨૮ (૬) એ.એસ.આઇ ઇન્દ્રજીતસિંહ મહોબતસિંહ બ.નં.૫૪૦૮ (૭) હે.કો.પ્રધ્યુમનસિંહ જટુભા બ.નં.૪૨૪૫ (૮) પો.કો.દિગ્વીજયસિંહ લક્ષ્મણસિંહ બ.નં.૧૦૨૭૨ (૯) પો.કો.ભાવેશભાઇ અમ્રુતભાઇ બ.નં.૭૨૮૫ (૧૦) વુ.પો.કો.નિર્મળાબેન વિનુભાઇ બ.નં.૬૯૫૦ (૧૧) લોકરક્ષક પ્રવિણભાઇ કનુભાઇ બ.નં.૧૨૩૩૩



નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૧૯/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૦ કેસ કરી, ૭૭ વ્યક્તિઓને ઝડપી, ૩૫૬ લીટર દેશી દારૂ, ૫૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૦૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બીયરટીન અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૯,૫૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૭૨૦/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ચોરીઃ **સમાચાર યાદી નં.૭૨૧/૨૦૨૨**

રખિયાલઃ રિયાઝઅલી રઈશએહમદ અંસારી (ઉ.વ.૩૨)(રહે.અજીતમિલ ચાર માળિયા અજીત મિલ કંમ્પાઉન્ડ, રખિયાલ) એ રખિયાલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૦૪/૨૦૨૨ બપોરના ૩/૦૦ થી રાતના ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ ડુપ્લીકેટ ચાવીથી ખોલી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, કબાટમાંથી (૧) રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- (૨)સોનાની ચેઈન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- (૩)સોનાની કાનની રીંગ કિંમત રૂપિયા ૨,૦૦૦/- (૪)સોનાની બંગડી નંગ-૪ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- (૫) સોનાની વીંટી નંગ-૨ કિંમત રૂપિયા ૧૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪,૧૮,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.એસ.વણઝારા ચલાવે

વાડજઃ રેચંદ્રભાઇ રાજેન્દ્રભાઇ બોસમીયા (ઉ.વ.૪૭)(રહે.રુદ્ર રેસિડન્સી, અપ્સરા-આરાધના સિનેમાની પાછળ, કાંકરીયા) એ તા.૨૨/૦૪/૨૦૨૨ ના રોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૯/૦૪/૨૦૨૨ રાતના ૦૦/૦૦ થી તા.૨૦/૦૪/૨૦૨૨ સવારના ૬/૦૦ સુધીના સમયગાળા દરમ્યાન જુનાવાડજ ઉસ્માનપુરા દર્પણ એકેડેમીની બાજુમા “પીડીલાઇટ ઇન્ડ્સ્ટ્રીઝ લી.” ખાતે પાર્ક કરેલ પોતાની ગાડીનો ડાબી સાઇડનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ગાડીમાં લગાવેલ મ્યુઝીક સિસ્ટમ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- કાઢી લઇ, તેમજ ગાડીમાંથી રોકડ રૂપિયા ૧૨,૦૦૦/- તથા અગત્યના દસ્તાવેજો મુકેલ પર્સ ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.પી.મલ્હોત્રા ચલાવે છે.

વસ્ત્રાપુરઃ મોહમંદકલીમ મોહમંદનઝીર શેખ (ઉ.વ.૪૨)(રહે.પોસ્ટલ સોસાયટીમા રવેલ બેકરી પાસે, જુહાપુરા) એ તા.૨૨/૦૪/૨૦૨૨ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૪/૨૦૨૨ સાંજના ૪/૦૦ થી ૫/૦૦ વાગ્યા દરમ્યાન થલતેજ ઉદગમ સ્કુલની સામે રોડ ઉપર આવેલ ગાર્ડન ખાતે લગાવવામાં આવેલ જીઓ કંપનીના મોબાઇલ ટાવરમાં એ.એમ.પી.એસ. સ્ટેન્ડમાં પાવર કનેક્ટ માટે લગાવવામા આવેલ EMERSON કંપનીના રેક્ટીફાયર મોડ્યુલ કનેક્ટર નંગ- ૪ કુલ કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- મતાના કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઈ.શ્રી ડી.એલ.આલ ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૭૨૨/૨૦૨૨</u>**

અમરાઇવાડીઃ સેજલબહેન ડો/ઓ ભગવાનદાસ સોલંકી (ઉ.વ.૨૪)(રહે.ન્યુ જયભવાનીનગર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૪/૨૦૨૨ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાની જાતે પોતાના ઘરની ઓસરીમાં પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એમ.બારોટ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.